બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**

**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના, બારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)**

**પ્ર.૧ નીચે આપેલામાંથી કોઈ પણ બે વિષયના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- દરેક પ્રમાણ દીઠ ૧ ગુણ. સંદર્ભ શાસ્ત્રનું નામ અને ક્રમાંક લખવો ફરજિયાત છે. પ્રમાણમાં ક્યારેક સંસ્કૃત શ્લોક અને ભાષાંતર હોય છે. પરીક્ષાર્થીએ કોઈ પણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું.**

૧. **દિવ્યભાવ (૩/૧૮-૨૦) પ્રમાણ-૧ :** પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વી વિષે પ્રકટ થાય છે ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે. કાં જે, રામકૃષ્ણાદિક અવતારને વિશે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા ઇન્દ્રિયો, પંચપ્રાણ, ઇત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે, પણ માયિક નથી. **(વચ. ગ.પ્ર. ૭૧) પ્રમાણ-૨ :** ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે. પણ ભગવાનને એમ બીક નથી જે, 'રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં.' ભગવાન તો માયાને વિષે આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો ચોવીશ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(વચ. વર. ૭) પ્રમાણ-૩ :** ભગવાનને વિષે જે બાળક-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની યોગમાયાએ કરીને દેખાય છે પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે. (એટલે કે સદા દિવ્ય જ છે) એવી રીતે સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાવ સમજવો નહિ ...... અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો.'' **(વચ. પં. ૭) પ્રમાણ-૪ :** ''ભગવાનમાં તો મનુષ્યભાવ કહેવાય જ નહિ ને આપણે જેમ દેહ ને જીવ જુદા છે તેમ ભગવાનમાં કહેવાય નહિ.'' **(સ્વા.વા. ૪/૪૦) પ્રમાણ-૫ :** કારણ કે ભગવાનમાં મનુષ્યભાવ દેખાય છે તે નટની માયાની પેઠે છે. **(સ્વા.વા. ૫/૬૬) પ્રમાણ-૬ :** ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત ભગવાનના સ્વરૂપને સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે જે, 'ભગવાન તે ભગવાન, એને વિષે ભાગત્યાગ કર્યાનો માગ નથી.' **(વચ. ગ.મ. ૧૭) પ્રમાણ-૭ :** તેજને વિષે (અક્ષરધામને વિષે) દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્યમૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિષે સર્વ જનને નયનગોચર થકા વિચરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ એ માયિક ગુણે યુક્ત નથી; એ તો સદા ગુણાતીત દિવ્યમૂર્તિ જ છે. અને તેનું તે જે ભગવાનનું સાકાર દિવ્ય સ્વરૂપ તેને જે વેદાંતશાસ્ત્ર છે તે નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર વ્યાપક એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે, તે જીવની બુદ્ધિમાંથી માયિક ભાવ ટાળવાને અર્થે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે. અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ સર્વે કાળને વિષે એકરૂપ કરીને જ વિરાજમાન છે; પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; સદા દિવ્ય રૂપે કરીને વિરાજમાન રહે છે. **(વચ. કા. ૭) પ્રમાણ-૮ :** ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી. માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો, પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમ તેનો ભાવ આવે છે. **(વચ. લો.૧૮) પ્રમાણ-૯ :** ધામમાં રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ (સહજાનંદ સ્વામી) તેમાં અધિકપણે સાદશ્યપણું છે..... માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે. એ બેમાં ફેર નથી. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમજ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે. **(વચ. ગ.અં. ૩૧)**

૨. **સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી (૪/૨૯-૩૨)**

**પ્રમાણ- ૧ :** બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;
ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં. **(નિ. કા. વચનવિધિ : ૩૭)**

**નોંધ :-** આ કિર્તનની આગળની પંક્તિઓ પરીક્ષાર્થીએ લખી હોય કે ન લખી હોય અને ઉપરની બે જ પંક્તિ લખી હોય તો પણ સાચું આપવું.

**પ્રમાણ- ૨ :** 'ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે, તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે' **(સદ્. મુક્તાનંદ સ્વામી)**

**પ્રમાણ- ૩ :** 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઈન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.' **(વચ. પં. ૧)**

**પ્રમાણ- ૪ :** 'જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે; સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે.
અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે, સુખ સુખ જ્યાં સુખના દરિયા,
ત્યાં વસી રહ્યા વાસ રે, એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે......' **(ચોસઠપદી : ૫૫, ૫૬)**

**પ્રમાણ- ૫ :** 'જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યાં છે.' **(વચ.સા. ૧, ૪, ૧૧, ગ. અં. ૨૮)**

**પ્રમાણ- ૬ :** 'મા' પ્રલય કાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે, પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે,
ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે.' **(ચોસઠપદી, ૫૬)**

**પ્રમાણ-૭ :** 'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે.' **(વચ. ગ. મ. ૨૪)**

**પ્રમાણ-૮ :** न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकछः यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ **(ગીતા -૧૫-૬)**
અર્થાત્ જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા ૧૫-૬), (**નોંધ :-** સંસ્કૃત કે ગુજરાતી કોઈપણ એક લખ્યું હોય તો પણ સાચું આપવું)

**પ્રમાણ-૯ :** અક્ષરધામની અવધિ નથી. એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. **(વચ. લોયા. ૧૪)**

**પ્રમાણ-૧૦ :** 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, સર્વ સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ,
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય, શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.'
(શ્રીજીમહારાજ ઓરડાના પદમાં, સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી)

**પ્રમાણ-૧૧ :** તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે,
તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે,
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે,
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે. **(ચોસઠપદી : ૫૫) (સદ્. નિષ્કુળાનંદ સ્વામી)**

**પ્રમાણ-૧૨ :** બીજાં ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે. **(સ્વા.વા.૩/૧૧, ૨૩, ૪૯)**

**પ્રમાણ-૧૩ :** 'એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે.' **(વેદરસ : પૃ-૧૪૬)**

**પ્રમાણ-૧૪ :** 'અમે એકલા જ તે સર્વે થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે..... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ.' **(વચ.અમ. ૭)**

૩. **મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યકતા (૬/૯૯-૧૦૧)**

**બ્રહ્મરૂપ થવા માટે : પ્રમાણ-૧ :** 'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ।' (શિક્ષાપત્રી ૧૨૧)શ્રીજીમહારાજ મુક્તિ અર્થાત્ મોક્ષની વ્યાખ્યા સમજાવતા કહે છે : 'તે (અક્ષર) ધામને વિષે બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મની સેવા કરવી તેને અમે મુક્તિ (મોક્ષ) માની છે.' **પ્રમાણ-૨ :** નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.' **(વચ.ગ.મ. ૩૧)** **પ્રમાણ-૩ :** 'બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે.' (મુંડકોપનિષદ્ ૩-૨-૯) **પ્રમાણ-૪ :** 'બ્રહ્મરૂપ તો એમ થવાય જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.' (સ્વા.વા. ૩/૧૨)

**પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે :- પ્રમાણ-૧ :** ''એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, કારણ કે દસ ઈન્દ્રિયો તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ તે તો સત્ત્વગુણનાં છે. માટે એ સર્વે ઈન્દ્રિયો ને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર છે. તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય? **(વચ.ગ.પ્ર. ૫૧) પ્રમાણ-૨ :** ''ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે. **(વચ.પં. ૭) પ્રમાણ-૩ :** વળી જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે. ત્યારે એનાં ઈન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે. **(વચ.ગ.પ્ર. ૫૧) પ્રમાણ-૪ :** આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ.... જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી. **(ગ.મ. ૧૩) પ્રમાણ-૫ :** મનુષ્ય દેહધારી પરબ્રહ્મમાં સમ્યક્પણે દિવ્યભાવ દેખવો તે જ્ઞાનની સ્થિતિ છે. જ્ઞાન કેવું છે ? તો પ્રકૃતિપુરુષથી પર છે. **(વચ.ગ.પ્ર. ૨૪)**

**પ્રમાણ-૬ :** 'જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે, અને જળ થકી તેજ મોટું છે. અને તેજ થકી વાયુ મોટો છે અને વાયુ થકી આકાશ મોટો છે. એવી રીતે અહંકાર, મહતત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર એ સર્વે એકબીજાથી મોટાં છે અને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે.... એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે. અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે.' **(વચ.ગ.પ્ર. ૬૩) પ્રમાણ-૭ :** ''પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે, અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે પણ જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી.'' **(વચ.ગ.પ્ર. ૪૧) પ્રમાણ-૮ :** ''અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે, તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે તેમ અક્ષરધામ છે.'' **(વચ.ગ.મ. ૪૨) પ્રમાણ-૯ :** 'જે બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે.' **(તૈત્તિરીયોપનિષદઃ ૨-૧)**

૪. **ધામમાં અને પૃથ્વી ઉપર - બન્ને ઠેકાણે સદા સાકાર** (૩/૧૬-૧૭)

**પ્રમાણ- ૧** ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર છે, તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદ રૂપ છે. **(વચ.ગ.અં. ૩૮) પ્રમાણ-૨** ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે. **(વચ.ગ.અં. ૭) પ્રમાણ-૩** પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં શ્રીજીમહારાજ કહે છે : 'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ, તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.' **પ્રમાણ-૪** તે તેજને વિષે (અક્ષરધામને વિષે) એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી, અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. **(વચ.ગ.મ. ૧૩) પ્રમાણ-૫** જેવા (સાકાર) પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા (સાકાર) તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવા ને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ (સાકાર) રહે છે. અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે. **(વચ.ગ.પ્ર. ૩૭) પ્રમાણ-૬** આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે દિવ્ય સાકાર રૂપે કરીને અક્ષરધામને વિષે (દર્શન રૂપ) દિવ્ય ભોગને ભોગવતાં થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે.' અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે. તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. **(વચ.પં.૭) પ્રમાણ-૭** ભગવાન તો સદા સાકાર જ છે. **(વચ.ગ.અં. ૩૫)**

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ : ૫)**

૧. ''સહજાનંદ સ્વામી રે, પોતે પરબ્રહ્મ છે રે, સ્વામિનારાયણ જેનું નામ રે.''

જ. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : અન્ય પરમહંસોના વચનોના આધારે (૪/૩૯)

૨. ''ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય.''

જ. ભગવાન અને સંતમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ (૩/૨૩)

૩. ''જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે.''

જ. પ્રગટને ઓળખ્યા વગર કસર. (૫/૭૪)

૪. ''એમની મોટપ આસનથી નથી, તેમની મોટપ તો અનાદિની છે.''

જ. શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા (૬/૧૧૯)

૫. ''બ્રહ્મ તો એકદેશી છે પણ સર્વદેશી નથી.''

જ. મૂર્તિમાન થકા વ્યાપક કેવી રીતે ? (૩/૧૫)

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૬/૧૦૭,૧૦૮) **૨.** ૧,૨,૩ (૫/૮૮-૯૦)

**પ્ર.૪ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક વર્ણવી સિદ્ધાંત લખો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : પ્રસંગના ૩ ગુણ અને સિદ્ધાંતનો ૧ ગુણ આપવો.**

**૧. કબૂતરના કબૂતર (૪/૪૯-૫૦)** શ્રીજીમહારાજે એક વખત (સંતોને) પરમહંસોને મર્મમાં કહ્યું કે, તમો લોકોને ઉપદેશ દેવા દેશમાં ફરો ત્યારે અમો દત્તાત્રેય, નારદ, કપિલ, શુક, સનકાદિક જેવા અમો મોટાપુરૂષ છીએ એમ કહેવું પણ વધુ મોટપ કહેવી નહિ! પરમહંસોએ કહ્યું, 'ભલે.' પછી જુદા જુદા દેશમાં વિચરણ કરીને સંતો મહારાજ પાસે ગઢપુર પધાર્યા ત્યારે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું, તમોએ અમને કેવા ઓળખાવ્યા ? ત્યારે પરમહંસોએ કહ્યું, હે મહારાજ ! અમે આપને દત્તાત્રેય, કપિલ, નારદ, શુક,

સનકાદિક જેવા જ મોટાપુરૂષ તરીકે ઓળખાવ્યા છે. આ સાંભળી મહારાજ એકદમ ઉદાસ થઈ ગયા ને બોલ્યા, 'કબૂતરના કબૂતર રહ્યા.' (અર્થાત સાવ ભોળા રહ્યા.) અમારી સાથે આટલું રહ્યાં, અમારાં ચરિત્રો જોયાં-જાણ્યાં છતાં અમને યથાર્થ ઓળખી ન શક્યા? મૂળો ખાધો હોય તો બીજા પકવાનના સ્વાદને દબાવીને પણ મૂળાનો જ ઓડકાર આવે છે. તો તમને અમારા સ્વરૂપના મહિમાની વાતોનો ઓડકાર નથી આવતો. અમે તો સર્વ અવતારના અવતારી, સર્વોપરી પુરુષોત્તમ છીએ, તેમ તમે સમજો અને એ સમજણ પ્રવર્તાવો. પરમહંસોએ કહ્યું, હે મહારાજ અમો એમ જ સમજીશું અને સમજાવીશું. **સિદ્ધાંત :-** મહારાજના સર્વોપરીપણાનો યથાર્થ નિશ્ચય ના થયો હોય તો તેમના સર્વોપરીપણાના પ્રવર્તમાનની વાત કહેતાં અચકાય. શાસ્ત્રની તંતી આડી આવે. પણ જ્યારે સ્વયં પુરુષોત્તમનારાયણ પોતે પોતાનું સ્વરૂપ ઓળખાવે ત્યારે યથાર્થ નિશ્ચય થાય.

૨. **કેશવજીવનદાસે કહ્યું, 'સૌ મને કહે છે કે તારું કલ્યાણ નહીં થાય.' (૬/૧૨૬)** સં.૧૯૦૬ના ફાગણ માસમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી નાવલી પધાર્યા. અહીં એક હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસજી હતા. તેમણે દંડવત્ કરી રડતાં રડતાં સ્વામીને કહ્યું કે ''હું અમદાવાદ દેશનો છું છતાં આપની પાસે વડતાલ રહું છું તેથી સૌ મને કહે છે કે તારું કલ્યાણ નહીં થાય.'' ત્યારે સ્વામીએ તેને ધીરજ આપતાં કહ્યું : ''તું શા માટે મૂંઝાય છે ? હું તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ.'' એ જ સાલમાં ચૈત્ર માસમાં સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી તરફ આગળી ચીંધીને કહ્યું કે ''મેં તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ એમ કહ્યું હતું તે વાત યાદ છે ને ? આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે. તેઓ તને મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવશે. તેમની પાસે રહેજે. વાતો કરતાં તેમનું માથું દુખતું નથી અને મારું તો માથું દુઃખી જાય છે. **સિદ્ધાંત :-** કોઈપણ દેશમાં હોય પણ બ્રહ્મ અને પરબ્રહ્મની યથાર્થ ઓળખાણ થાય તો કલ્યાણમાં કાંઈ બાકી રહેતું નથી.

૩. **''સ્વામી તમે પંડે અક્ષર ?'' (૬/૧૨૩)** સારંગપુરના વાઘાખાચર કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એવી વાત કરી. પણ તેમને આ રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણીને વાડી ચોખ્ખી કરતા હતા. ત્યાં સર્વેને આનંદમાં અલમસ્ત જોઈને વાઘાખાચરે મહુવાના દામા શેઠને પુછ્યું, 'આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો ?' ત્યારે દામા શેઠે કહ્યું, 'તમે આ પ્રાગજી ભક્ત કહે છે તેમાં વિશ્વાસ લાવીને સ્વામી મૂળ અક્ષર છે એમ સમજો તો તમને પણ આનંદ થાય.' ત્યારે તેમણે કહ્યું, 'સ્વામી પંડે કહે તો હું માનું.' થોડીવાર પછી ભગતજી મહારાજે સ્વામીને વૃત્તિ દ્વારા ખેંચ્યા અને સ્વામી ત્યાં આવ્યા ત્યારે વાઘા ખાચરે પૂછયું 'સ્વામી ! આ પ્રાગજી ભક્ત કહે છે કે સ્વામી આપ મૂળ અક્ષર છે, તે વાતનું નિરાકરણ કરી આપો.' ત્યારે સ્વામી કહે : 'પ્રાગજી કહે છે તેમજ છે છતાં પણ ખાતરી કરવા ફરી પૂછ્યું. 'સ્વામી તમે પંડે અક્ષર ?' ત્યારે સ્વામીએ હા પાડી. આથી વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે વાતની પ્રતીતિ થતાં જ નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ અને પરમ આનંદ થયો. **સિદ્ધાંત :-** અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખવું તે ખૂબ કઠણ વાત છે. તે અક્ષરબ્રહ્મની પોતાની અનહદ કૃપા હોય ત્યારે જ મુમુક્ષુ આ સ્વરૂપને ઓળખી શકે છે.

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ :- (૧) વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું. (૨) ગુણના પ્રમાણમાં સંદર્ભો અને પ્રસંગો હોય તો ચાલે, બધા જ પ્રસંગ લખવા એવું જરૂરી નથી.**

૧. **શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : શ્રીમુખનાં વચનોના આધારે (૪/૩૨-૩૪) (૧)** દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યાંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં. **(જૂના ખરડામાંથી) (૨)** પૂર્વે શ્રીકૃષ્ણ પર્યન્ત સર્વ અવતારો કોઈ કાર્ય નિમિત્તે (અસુરોના સંહાર માટે) થયા હતા. અને એ કાર્ય પૂરું થયે જ પૃથ્વી પરથી અંતર્ધાન થઈ ગયા પણ ભગવાન સ્વામિનારાયણ તો જીવોને બ્રહ્મરૂપ કરવા અને તેમનું આંત્યતિક કલ્યાણ કરવા જ પધાર્યા હતા. વચનામૃતમાં પણ પોતાનું સર્વાવતારીપણું સ્પષ્ટ કરતાં કહે છે કે : **(૧)** અને એવા સર્વોપરી જે પુરૂષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વી પર પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે, ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે પ્રત્યક્ષ પુરૂષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. અને આ ભગવાનના જે પૂર્વે ઘણાંક અવતાર થયા છે તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે. ને પૂજવા યોગ્ય છે. **(વચ.ગ.અં. ૩૮) (૨)** શ્રીજીમહારાજ પોતાના પુરુષોત્તમપણાની સ્પષ્ટ વાત વચ.ગ.મ. ૧૩ માં કરતાં કહે છે : ''જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ અને એ પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ....જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.'' (૩) મહારાજ સર્વઅવતારના અવતારી છે તે વાત દઢપણે જણાવતા વ.અમ.૬ માં કહે છે : 'આ સત્સંગને વિષે જે ભગવાન (શ્રીજીમહારાજ) વિરાજે છે. તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે. ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે, અને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે. ને સદા

સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે.' શ્રીજીમહારાજ આ રીતે સ્વમુખે જ પોતાના આશ્રિતોને પોતાના સર્વોપરી સ્વરૂપને સમજીને તે સ્વરૂપનો દઢ નિશ્ચય કરવાની આજ્ઞા કરે છે. મોક્ષ માર્ગમાં આત્યંતિક કલ્યાણના માર્ગમાં આ સર્વોપરી સ્વરૂપની દઢતા તે અત્યંત આવશ્યક અંગ છે.

૨. **પ્રગટ ભક્તિનો મહિમા (૫/૬૭-૬૯)** પ્રગટ ભગવાનને જે ઓળખે તે જ ભક્ત છે અને આવી રીતે પ્રગટ ભગવાનને ઓળખીને દઢ આશ્રય કરવો એ જ ભક્તિ છે. આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. **(વચ. વર. ૧૯)** પ્રત્યક્ષ ભગવાનના કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ. **(વચ. ગ.મ. ૧૦)** પ્રગટનો મહિમા ગાતા મુક્તાનંદ સ્વામી કહે છે, કલ્પતરૂ સર્વના .... નાશ પામે અંધારું. નિષ્કુળાનંદ સ્વામી સારસિદ્ધિમાં કહે છે, 'મોટે ભાગ્યે ભેટે ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની, તેહ વિનાની જે ભગતિ, તે તો મત મમતના તાણની.' (નિ.કા. સારસિદ્ધિ-૨૨) વ્રજવાસીઓને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનના દર્શન-સ્પર્શનું સુખ મળ્યું એ સાંભળી શિવજીને અફસોસ થયો. બ્રહ્મા પ્રગટની પ્રસાદીનું સુખ લેવા માછલું થયા. એવો પ્રગટની ભક્તિનો મહિમા છે. 'એમ પ્રગટ ભક્તિ સહુ ઉપરે, એથી ઉપરાંત નથી કાંઈ, નિષ્કુળાનંદ નિશ્ચે વારતા, સૌને સમજવી મનમાંઈ' **(નિ.કા. ભક્તિનિધિ - ૧૫)** સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે : 'પ્રગટ સ્વરૂપ ઉપાસી, ધન્ય સો પ્રગટ સ્વરૂપ ઉપાસી !' ગુણાતીતાનંદ સ્વામી કહે છે 'પ્રગટ ભગવાન છે, પ્રગટ વાતુ છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે.' **(સ્વા.વા. ૫.-૬૪)** 'પ્રત્યક્ષ ભગવાનને વિષે દઢ નિષ્ઠા રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજુ કાંઈ નથી ઈચ્છતો તેને તો ભગવાન પોતે બલાત્કારે પોતાના ધામને વિષે જે પોતાના ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે. **(વચ. ગ. પ્ર. ૯)** 'ભગવાન જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તેની મૂર્તિ વિના બીજા કોઈ પદાર્થને ઈચ્છે નહિ તેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય જો થોડાં હોય તો પણ એ દેહ મૂકીને ભગવાનના ધામમાં બહુ મોટા સુખને પામે છે. **(વચ. ગ.અ.૫)** પ્રગટ ભગવાનના સંબંધથી જ દોષની નિવૃતિ થાય છે. ઈન્દ્રે વિશ્વરૂપને માર્યો તેની ચાર હત્યા લાગી... પછી તેને નારદજી મળ્યા. તેણે કહ્યું જે તારા ભાઈ વામનજી છે તે ભગવાનનો અવતાર છે. માટે તેનો તું આશરો કર. પછી ઈન્દ્રે વામનજીનો નિશ્ચય કર્યો. તેણે કરીને બ્રહ્મહત્યા ટળી ગઈ. એમ પ્રગટનો આશરો કરવાથી કામ થાય છે. **(સ્વા. વા. ૧/૨૯૩)**

૩. **અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ (૬/૧૦૮-૧૦૯)** અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે શરીર-શરીરી સેવક અને સ્વામીભાવનો વિશિષ્ટ સંબંધ છે. શ્રીજીમહારાજ કહે છે : ''જયાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.'' **(વચ.ગ.મ.૪૨)** વળી ''જે સ્વરૂપને વિષે પુરુષ-પ્રકૃતિ આદિક કાંઈ ઉપાધિ રહેતી નથી, એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે.'' **(વચ.સા. ૫)** આમ અક્ષર અને પુરુષોત્તમને અન્યોન્ય વિશિષ્ટ સંબંધ છે. અક્ષરબ્રહ્મ પરબ્રહ્મના પ્રિયતમ, નિકટતમ, આદર્શ, ઉત્તમ સેવક-ભક્ત રૂપે ધામમાં તથા જે જે બ્રહ્માંડમાં, પુરુષોત્તમ ભગવાન પધારે છે ત્યાં ત્યાં તેમની સાથે જ હોય છે. **(વચ.ગ.પ્ર.૭૧, ગ.મ.૪૨ના આધારે)** તેથી જ એ અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ પુરુષોત્તમ કરતાં ભિન્ન તત્વ હોવા છતાં તેમની સાથે સદા સંલગ્ન છે. અર્થાત્ પરબ્રહ્મ સાથે અક્ષરબ્રહ્મ '**સ્વામી સેવકભાવથી વિશિષ્ટરૂપે**' જોડાયેલા છે. કયારેય પણ તેમને પરબ્રહ્મથી એકલા કે અળગા કલ્પવા અશક્ય છે. આથી તેમને અને પરબ્રહ્મને વિશિષ્ટ સંબંધ છે. પરબ્રહ્મ વગર અક્ષરબ્રહ્મનો વિચાર જ અશક્ય છે, બ્રહ્મ વગર પરબ્રહ્મની ભક્તિનો અધિકાર મળતો નથી. અક્ષર સર્વના સ્વામી છે, પણ પુરુષોત્તમના દાસ છે. અક્ષરબ્રહ્મ પર પરબ્રહ્મ પુરુષોત્તમ વિના કોઈનું શાસન નથી. ''પુરુષોત્તમ ભગવાન.... આત્મા ને (તથા) અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્ય-સંપન્ન છે ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.'' **(વચ.ગ.પ્ર.૬૪)** આમ, પરબ્રહ્મ પુરુષોત્તમ એ બ્રહ્મના પણ આધાર, કારણ અને પ્રેરક છે. ''પુરુષોત્તમ ભગવાનનું સામર્થ્ય અનંત અપાર છે. એ ધારે તો તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંત કોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.'' **(વચ. લો.૧૩)** આ રીતે પુરુષોત્તમ સ્વતંત્ર છે પણ અક્ષર તેમનો આધાર નથી. જયારે અક્ષરનો આધાર પુરુષોત્તમ છે. અક્ષરધામને લીન કરવાની પુરુષોત્તમ પાસે વિશિષ્ટ શક્તિ છે. પણ આત્યંતિક પ્રલય વખતે જીવ અને ઈશ્વરની ઉપાધિ માયામાં લીન થાય છે. માયા બ્રહ્મમાં લીન થાય છે પણ બ્રહ્મ પરબ્રહ્મમાં લીન થાય છે તેમ કહ્યું નથી. પરંતુ 'ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના ... સર્વે નાશંવત છે.' અર્થાત્ ધામ, ધામી અને મુક્ત આ ત્રણ આત્યંતિક પ્રલયને અંતે રહે જ છે. **(વચ.ગ.મ. ૨૪)**

૪. **નિરાકાર સમજવાથી ખોટ (૩/૧૦-૧૧)** ભગવાનને નિરાકાર સમજવાથી જે સ્વરૂપને પામવું છે, જેનું ધ્યાન-ભજન કરવું છે એ જ સ્વરૂપનું ખંડન થાય છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત નથી. **(વચ. ગ.મ. ૩૯, ગ.પ્ર. ૭૧)** ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે.... તેને અરૂપ કહેવા... એજ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજે છે પણ ભગવાનનો દ્રોહી છે. **(વચ. વરતાલ ૨)** નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય. **(વચ. ગ.મ. ૯)** સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન સમજે, એ મોટો દોષ છે, એણે કરીને એના બીજા સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે. **(વચ. લો.૧૬)** અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે, તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી. **(વચ. ગ.પ્ર. ૬૪)** ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનાર છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર

વર્ષ સુધી ને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય. **(સ્વા.વા.૩/૧૬)**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- વચનામૃત, સ્વામીની વાતો કે અન્ય શાસ્ત્રને સંદર્ભરૂપે ન દર્શાવ્યા હોય પણ વિવરણ લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

૧. **ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.** (૩/૮-૧૦) ઉપાસનાની સમજણ જે શ્રીજીમહારાજે પોતે પ્રર્વતાવી છે તેમાં ભગવાનના સાકાર સ્વરૂપમાં પોતાની રુચિ બતાવી છે. (વચ.લો.૧૪) શ્રીજીમહારાજ **(વ.ગ.પ્ર.૭૧માં)** કહે છે 'અમે પણ એ જ પક્ષ (સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યુ છે તે)નું ગ્રહણ કરીએ છીએ. શ્રીજીમહારાજ કહે છે કે '(અમારે) સાકારપણાની દઢ પ્રતીતિ છે, તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા અને સાંભળ્યા તો પણ પ્રતીતિ ટળી નહિ.' **(ગ.મ.૩૯)** ''આ જે વાર્તા (સાકારપણાની) તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે માટે એમાં કોઈ સંશય નથી.'' **(વચ.ગ.પ્ર.૬૪)** આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ સમજતો હોય અને ગમે તેવા વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ... એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દઢ પ્રતીતિ હોય ને તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે. **(ગ.પ્ર. ૩૭)** જેને આવી સાકારપણાની નિષ્ઠા છે તેને જ મહારાજે ઉપાસનાવાળો કહ્યો છે. 'ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની નિષ્ઠા દઢ હોય ને પોતે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ. અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનવાળા ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ. એવી રીતે જેની દઢ સમજણ હોય તેને જ ઉપાસનાવાળો કહીએ. **(ગ.પ્ર.૪૦)** પણ જો (ભગવાનને) સાકાર ન સમજે તો તેની ઉપાસના પણ દઢ ન કહેવાય. **(ગ.અં.૩૫)** ''માટે ભગવાનના આકારનું ખંડન ક્યારેય ન કરવું.'' **(ગ.પ્ર.૭૧)**

૨. **સ્વામિનારાયણીય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનું સ્થાન વિશિષ્ટ છે.** (૬/૯૪) પરબ્રહ્મ એક સર્વોચ્ચ અને સર્વોપરી તત્ત્વ છે તેમ સર્વ વૈદિક દર્શનોને અને ભાષ્યકારોને સ્વીકાર્ય છે. પરંતુ અક્ષરબ્રહ્મ શું છે તેનો ખ્યાલ સ્પષ્ટપણે કોઈપણ વેદાંતદર્શનમાં અપાયો નથી. શાસ્ત્રોમાં બ્રહ્મનો મહિમા, સ્વરૂપ અને લક્ષણો વિષે ઘણું પ્રતિપાદન થયું છે. શાસ્ત્રોમાં ઘણું ખરું બ્રહ્મને જ પરબ્રહ્મ લખ્યા છે. ઘણે ઠેકાણે બ્રહ્મ એ પરબ્રહ્મનો પર્યાય છે એમ શાસ્ત્રોનાં ભાષ્ય કરનાર વિદ્વાન આચાર્યોએ પણ સમજાવ્યું છે. આમ છતાં કેટલીક શ્રુતિઓમાં બ્રહ્મને જુદા પણ વર્ણવ્યા છે. બ્રહ્મતત્ત્વનું જેવું નિરૂપણ શ્રીજીમહારાજે કર્યું છે તેવું સ્પષ્ટ નિરૂપણ બીજા કોઈએ કર્યું નથી એમ કહ્યા સિવાય રહેવાતું નથી. શ્રી સ્વામિનારાયણ વેદાંતમાં જીવ, ઈશ્વર અને માયાના આધાર, તેનાં કારણ (તેમાં વ્યાપક) અને આ ત્રણેથી પર પરંતુ પરબ્રહ્મથી નિમ્ન એવું ચોથું તત્ત્વ અક્ષરબ્રહ્મ છે. 'અક્ષર' અને 'બ્રહ્મ' એ સંજ્ઞાથી આ તત્ત્વ પ્રચલિતપણે ઓળખાય છે. સ્વામિનારાયણીય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનું સ્થાન વિશિષ્ટ છે. મુક્તિમાં અંતિમ ધ્યેય અક્ષરબ્રહ્મના ભાવને પામી પરબ્રહ્મ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીની સેવા કરવી તે જ છે. આ સંપ્રદાયના સમગ્ર આશ્રિતોને સહજાનંદ સ્વામીની જ ઉપાસના છે. છતાં અક્ષરબ્રહ્મ વિના એ ઉપાસના સિદ્ધ થતી નથી, કારણ કે અક્ષરબ્રહ્મના સંબંધથી પરબ્રહ્મની તત્ત્વે સહિત ઓળખાણ થાય છે, માયાનો ભાવ ટળે છે, બ્રહ્મરૂપ થવાય છે અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. એ અક્ષરનો સંબંધ પુરુષોત્તમના સંબંધ માટે આવશ્યક છે.

૩. **રાવણ જેવા અસુરને ન મારવા છતાં શ્રીજીમહારાજ ભગવાન છે.** (૪/૫૧-૫૨) પરમહંસોની કસોટી કરતાં શ્રીજીમહારાજે પૂછ્યું, ''પૂર્વે જે જે અવતારો થઈ ગયા તેમણે રાવણ જેવા અનેક અસુરોનો સંહાર કર્યો. અમે આવું કંઈ કર્યું નથી છતાં તમે અમને ભગવાન કહો છો તે તમારી ભૂલ છે પરંતુ પરમહંસો મહારાજના શબ્દના છળમાં લોભાય તેવા ન હતા. તેઓનો નિશ્ચય અડગ હતો. તેઓએ મહારાજને કહ્યું, જો આકાશ કહે કે હું આકાશ નથી, સૂર્ય કહે કે હું સૂર્ય નથી, તો કોઈ માનશે નહિ, ભગવાનની અલમસ્ત જાતિ કહેવાય. તે ગમે તેમ બોલે પણ તેમાં અમે ભૂલા પડીએ તેમ નથી. ''તમે ભલે અસૂરોનો સંહાર નથી કર્યો પણ તે અસૂરો તો કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા, અસૂયા, અભિમાન જેવા દોષોથી હણાયેલા જ હતા. એ દોષો તો એવા છે કે સ્વર્ગલોક, વિધિલોક કે વૈકુંઠથી પણ પાડી નાખે. તમે અમારા એ દોષો સાવ નિર્મૂળ કર્યા. તમે દૈવી જીવોને તો તાર્યા પણ આસૂરી જીવોને પણ તાર્યા. તમે ભલે સમુદ્ર પર સેતુ નથી બાંધ્યો પણ ભવસાગર પર સેતુ બાંધી અક્ષરની વાટ વહેતી મૂકી છે, સાથે અમને માયામાંથી મુક્ત કરી વિહદ એવું અક્ષરધામ તેની પ્રાપ્તિ કરાવી છે. તેથી પરમહંસો મહારાજને ભગવાન માનતા હતા.

૪. **વિજ્ઞાનાનંદ સ્વામીએ યજ્ઞપુરુષદાસજીને કહ્યું, 'આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.'** (૬/૧૩૦) સંવત ૧૯૩૯માં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પ્રાગજી ભક્ત સુરત આવ્યા હતા. તે વખતે તેમની દૃષ્ટિ શ્રીજીમહારાજના મળેલા વિદ્વાન પરમહંસ સ્વામી વિજ્ઞાનાનંદજીના શિષ્ય સાધુ યજ્ઞપુરુષદાસ (શાસ્ત્રીજી મહારાજ) પર પડી. તેમને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' તે પ્રતીતિ કરાવવા તેમણે સ્વામી વિજ્ઞાનાનંદજીને પ્રશ્ન પૂછ્યો : 'સ્વામી તમારા વખતમાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એવી જે વાત થતી હતી તે આજે કહો.' પ્રાગજી ભક્તની આ વાત સાંભળી તેમણે આજુબાજુ જોયું અને પછી ધીરેથી બોલ્યા : 'સ્વામી મૂળ અક્ષર છે એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી સાંભળી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું જ પ્રતિપાદન કરતા. તેથી એ વાત મારા જીવમાં છે.' એટલી વાત કરી એટલામાં ઢોલિયા નીચે સંતાયેલા યજ્ઞપુરુષદાસ બહાર નીકળ્યા અને તેમને કહ્યું : 'આ વાત તમે મને અત્યાર સુધી ન કહી ?' વિજ્ઞાનાનંદ સ્વામીએ કહ્યું : 'જુઓ, હજુ મહારાજનું પુરુષોત્તમપણું આ સત્સંગમાં ઘણાને સમજાતું નથી. ત્યાં સ્વામી અક્ષર છે એવી ગેડ કેમ બધાને બેસે ? એટલા માટે રુચતું કહેવું. પણ તમે આ વાત સાંભળી છે તો તે વાત સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચે આપેલાં વાક્યોની પૂર્તિ કરો. (કુલ ગુણ : ૭)**

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - એ પાંચ તત્ત્વો નિત્ય છે, સત્ય છે અને પરસ્પર સ્વરૂપતઃ સદાય જુદાં છે. (૧૪૧)

૨. એ પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા સહજાનંદ સ્વામી મહારાજ, શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તેઓ જ આપણા સૌના પરમ ઉપાસ્ય છે. (૧૪૨)

૩. આ અક્ષરબ્રહ્મ તત્ત્વતઃ એક જ હોવા છતાં ચાર રૂપે વિભિન્ન સેવારૂપ કાર્ય કરે છે. અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડોની અંદર અને બહાર વ્યાપીને રહે છે, તથા તેને ધારણ કરી રાખે છે. (૧૪૩)

૪. માયા ત્રિગુણાત્મક, પરિણામી નિત્ય, જડ, અનંતકોટિ બ્રહ્માંડરૂપ સૃષ્ટિનું ઉપાદાન અને વિવિધ વિસ્મયકારી એવી પરબ્રહ્મની શક્તિ છે. આ જ માયા જીવો તથા ઈશ્વરોની અહં-મમતાનો હેતુ હોઈ તેઓની અનાદિ સંસૃતિનું કારણ બને છે. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ સદાય આ માયાથી અત્યંત નિર્લેપ, પર અને તેના શરીરી છે. (૧૪૩-૧૪૪)

**(ઉપાસનામાં શું ન સમજવું ?)**

૫. શ્રીજીમહારાજની ચાખડી, ડગલી, ગોદડી, ઓરડી વગેરે સંબંધવાળી વસ્તુઓ મૂળ અક્ષરબ્રહ્મ છે તેમ ન સમજવું. (શ્રીજીમહારાજના સંબંધવાળી વસ્તુઓ દિવ્ય છે પણ તેને અક્ષરબ્રહ્મ ન કહી શકાય.) (૧૪૬)

૬. આજ્ઞા પાળ્યા વગર, શિક્ષાપત્રી પાળ્યા વગર, અથવા તેને ગૌણ કરીને મોક્ષ મળી શકે છે, તેમ ન સમજવું. (૧૪૬)

૭. મુક્તિ અવસ્થામાં પણ મુક્તનો આત્મા અક્ષરબ્રહ્મના સાધર્મ્યને નથી પામતો, તેમ ન સમજવું. (૧૪૬)

**પ્ર.૮ ટૂંકનોંધ લખો :** 'સ્વામી અક્ષર છે' - જીવન અને કાર્યના આધારે (૬/૧૩૭-૧૪૦) **(કુલ ગુણ : ૫)**

ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય શ્રીજીમહારાજના બીજા કોઈપણ પરમહંસોનાં કે ભક્તોનાં જીવન અને કાર્યની તુલનામાં શ્રેષ્ઠ અને સર્વોપરી છે, તે તેમના જીવનના અનેક પ્રસંગથી દેખાય છે. **(૧)** બાલ્યકાળથી જ સ્વામી મહારાજને અખંડ દેખતા. ચાર વર્ષની ઉંમરે તેમણે તેમનાં માતાને કહ્યું કે 'મા ! આજે જનોઈનાં ગીત ગાઓ. અયોધ્યામાં ભગવાનને આજે જનોઈ દેવાય છે.' ઘનશ્યામ વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે તેમણે માતાને કહ્યું કે 'મા ! આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.' **(૨)** તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના અસાધારણ સામર્થ્યથી અનેક ચમત્કારો બતાવીને કેટલાયના અસાધ્ય રોગ દૂર કર્યાં. ઘણાને નવું જીવન અર્પ્યું. કેટલાયને મહાકષ્ટોમાંથી મુક્ત કર્યાં હતા. ઘણાને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં હતાં. **(૩)** માણસાના વાલેરો વરુ, લીલાખાના મુંજોસુરુ, કામરોળના દરબાર દાજીભાઈ વગેરે અનેક પાપી આસુરી જીવોનું પરિવર્તન કરીને તેઓને સ્વામીએ સત્સંગી કર્યા હતા. **(૪)** સ્વામીએ પોતાના આશ્રિત સાધુઓમાં શ્રીજીએ સ્થાપેલ ધન-સ્ત્રીના ત્યાગની મર્યાદા દૃઢ પળાવી હતી અને પોતાના આશ્રિત હરિભક્તો પણ પંચવર્તમાને યુક્ત, પંચવિષયથી અલિપ્ત આદર્શ જીવન જીવતા હતા. શિર સાટે સત્સંગ રાખે તેવા આદર્શ ભક્તો તેમણે કર્યા હતા. **(૫)** સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા અનેક સાધુ હરિભક્તોને પોતાના અક્ષરપણાનો અનુભવ કરાવી શુદ્ધ બ્રહ્મસ્થિતિ કરાવી, મહારાજમાં જોડ્યા હતા. તેમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, કૃષ્ણજી અદા, બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, વણથલીના કલ્યાણભાઈ, બગસરાના વેલો સથવારો, કમીગઢના રચો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, ઉપલેટાના લાલાભાઈ, અરજણભાઈ વગેરે હતા. **(૬)** સ્વામીની વાતોમાં સ્વરૂપનિષ્ઠા, બળ, માહાત્મ્ય અને શૂરવીરતાના જેવા પડકારા છે એવા બીજા સદ્‌ગુરુઓની વાતોમાં મળતા નથી. તેમણે જ્યાં જ્યાં સત્સંગ કરાવ્યો ત્યાં શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા કરાવી અને બીજા અવતારો, દેવ-દેવીઓ, મંત્ર-જંત્ર, દોરા, ધાગાનો ભાર રહેવા દીધો નહિ. **(૭)** વળી, સ્વામીએ હરિલીલાકલ્પતરુ જેવો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ રચાવી, સર્વોપરી નિષ્ઠા અને સત્સંગ સાહિત્યની અપૂર્વ પુષ્ટિ કરાવી. **(૮)** જૂનાગઢ મંદિરનો વ્યવહાર અપૂર્વ વ્યવસ્થાશક્તિથી કરવા છતાં તેમણે કદી ખરડો કર્યો ન હતો. તેમનો સિદ્ધાંત શ્રીજીની નિષ્ઠા દૃઢ કરાવવાનો હતો. એ થયા પછી હરિભક્તો વાપરે ક્યાં ? નિષ્ઠા દૃઢ થયા પછી મહારાજ, સ્વામી અને મંદિરો માટે સર્વસ્વ આપનાર હરિભક્તો તૈયાર થયા હતા. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું, 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સમજાવ્યો છે.' **(૯)** મંદિરનો મોટો વ્યવહાર, સતત ચાલુ રહેતાં કારખાનાં વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં સ્વામીએ કથાવાર્તા ક્યારેય ગૌણ પાડી નથી. સતત કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો. **(૧૦)** મહેમદાવાદમાં બ્રહ્મના મિથ્યાજ્ઞાનથી ઉન્મત્ત બનેલા વિદ્વાનોનો તેમણે પોતાના ઐશ્વર્યથી પરાભવ કર્યો હતો. **(૧૧)** ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ વ્યક્તિત્વમાં સાધુતાની પરાકાષ્ઠા, શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિની ઉત્કૃષ્ટતા, પંચવર્તમાનની દૃઢતા, શ્રીજીમહારાજના પડ્યા બોલ ઝીલવાની તત્પરતા અને નિષ્ઠા કે નિયમધર્મમાં કોઈપણ મહોબત કે બીક રાખ્યા વગર નીડરતાથી સાચી વાત કરવામાં સ્પષ્ટવક્તાપણું, અનેક માન-અપમાનના પ્રસંગોમાં સ્થિતપ્રજ્ઞતા જેવા અનેક વિશેષ ગુણો હતા. **(૧૨)** સૌથી વિશેષ તો તેમની શિષ્યપરંપરામાં બ્રાહ્મસ્થિતિ આજ પર્યંત ચાલી આવે છે. જ્યારે બીજે એવી ઉજ્જવળ શિષ્યપરંપરા દેખાતી નથી. આ રીતે તેમનું જીવન, કાર્ય અને ઉપદેશ જોતાં તેઓ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર, ધામરૂપ મૂળ અક્ષર અને ઉત્તમ અદ્વિતીય ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા. તેથી જ જીવમાત્રને બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અનિવાર્ય આદર્શ છે.

(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ ૩, આઠમી આવૃતિ એપ્રિલ - ૨૦૧૧,
યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ પાંચમી આવૃતિ એપ્રિલ - ૨૦૧૦)

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે - ૧ ગુણ, કોને કહે છે - ૧ ગુણ, ક્યારે કહે છે - ૧ ગુણ.**

૧. ''મારી ગણતરી સાચી જ છે અને જો તે ખોટી પડે તો હું મારું માથું ડૂલ કરું.'' (૧/૫) **અથવા**

➪ સત્સંગી જ્યોતિષી - બીજા જ્યોતિષીઓને

➪ સત્સંગી જ્યોતિષીએ ગણતરી કરીને જાહેર કર્યું કે ગ્રહણ દેખાશે નહિ. બીજા જ્યોતિષીઓએ પોતાની ગણતરીથી કહ્યું 'ગ્રહણ જરૂર દેખાશે.' ત્યારે સત્સંગી જ્યોતિષી દૃઢતાપૂર્વક ઉપર પ્રમાણે કહે છે.

૨. ''તો તો અમે બહુ રાજી.'' (૩/૩૧) ➪ મહારાજ- લાલજી ભક્તને

➪ કચ્છમાં જવા માટે મહારાજે લાલજી ભક્તને ભોમિયો શોધવાનું કહ્યું ત્યારે લાલજી ભક્તે મહારાજને પૂછ્યું : 'હું જ આપની સાથે આવું તો કેવું ? ત્યારે મહારાજ કહે છે.

૩. ''મારે તો પતિવ્રતાની ભક્તિ છે.'' (૨/૨૧) ➪ ચૈતન્યાનંદ સ્વામી - મુક્તાનંદ સ્વામીને

➪ મુક્તાનંદ સ્વામીએ ચૈતન્યાનંદ સ્વામીને રામાનંદ સ્વામીનું પ્રસાદીનું વસ્ત્ર દર્શન કરવા આપ્યું ત્યારે કહે છે. **અથવા**

૪. ''માટે સત્સંગિજીવનની કથા કરાવીએ.'' (૪/૪૩)

➪ આચાર્ય મહારાજ (રઘુવીરજી મહારાજ) - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➪ સંવત ૧૯૧૧માં સ્વામીશ્રી હરિજયંતિના સમૈયા ઉપર પધાર્યા ત્યારે નિઃસ્પૃહી આચાર્ય મહારાજ પાસે પધરામણીની ભેટ વધારે આવી હોવાથી ઉપરની વાત કરતાં કહે છે.

૫. ''એકથી બે ભલા.'' (૧૮) ➪ પ્રમુખસ્વામી મહારાજ - સેવકસંતને

➪ સંડાસ સાફ કરી રહેલા પ્રમુખ સ્વામીના હાથમાંથી સાવરણો અને ડોલ લઈ લેવા સેવકસંતે આગ્રહ કર્યો ત્યારે. **અથવા**

૬. ''કોઈકનું લૂંટીને શા માટે ખાવું ?'' (૪૧) ➪ પ્રમુખસ્વામી મહારાજ - ચોરને

➪ ત્રિચિનાપલ્લીની યાત્રા દરમિયાન એક રાત્રિએ પકડાયેલા ચોરનો બચાવ કરીને તેને સદ્‌બોધ આપતાં સ્વામીશ્રી કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોનાં કારણ જણાવો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

**૧. શિવલાલ શેઠે રસોઈ આપવાનો સંકલ્પ કર્યો છતાં સ્વામીએ ઠપકો આપ્યો. (૭/૭૦)**

જ. એક વાર તેઓ બજારમાં જઈ સોનાની લેવડ-દેવડ કરીને થોડું કમાઈ આવ્યા અને તેમાંથી જૂનાગઢ મંદિરમાં રસોઈ આપવા સંકલ્પ કર્યો. ત્યારે સ્વામી કહે કે 'સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દિ' સો કરોડ મણ ઢૂંસા લઈને કમાણી કરવાનો સંકલ્પ થયો ? મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતુ મૂકીને શી કમાણી કરી ? સ્વામીને તેમની મુમુક્ષુતામાં પૂરેપૂરો વિશ્વાસ હતો તેથી સ્વામી ઘણીવાર શિવલાલભાઈને ઠપકો આપી સાચું જ્ઞાન આપતા. શિવલાલભાઈ પણ એવી ઉત્કૃષ્ટ શ્રદ્ધાવાળા હતા તે સ્વામીનાં આવાં હેતનાં કડવાં વચન મીઠાં ઘૂંટડાની જેમ હૃદયમાં ઊતારી જતા. સ્વામીએ આ રીતે શિવલાલભાઈનું અલૌકિક ઘડતર કર્યું. **અથવા**

**૨. શ્રીજીમહારાજ ધર્મપુર પધાર્યા. (૫/૫૧-૫૨)**

જ. રાણીએ વાતો સાંભળવાની ઇચ્છા દર્શાવી એટલે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે 'મને મહારાજે એક કલાક વાતો કરવાનું કહ્યું છે માટે આડો પડદો બાંધો અને ઘડિયાળની શીશી મૂકો. આમ, ઘણી વાતો સાંભળ્યા પછી બાઈએ મુક્તાનંદ સ્વામીને કહી મોકલ્યું કે 'મહારાજનાં દર્શન કરવાં છે તો ગમે એમ કરીને બોલાવો.' સ્વામીએ સામું કહી મોકલ્યું કે 'તમારા ગુરુ પરમચૈતન્યાનંદ સ્વામીને આમંત્રણનો પત્ર લઈને મોકલો, તો મહારાજ જરૂર આવશે.' કુશળકુંવરબાએ મહારાજનો આવો મહિમા જાણી ખૂબ ભાવથી, ડાંગરનું એક એક ફોતરું હાથે ફોલીને ચોખાના અખંડ કણ તૈયાર કરેલા, તે ઉત્તમ ચોખા તથા આજીજીભર્યો આમંત્રણ પત્ર, પરમચૈતન્યાનંદ સ્વામી અને હરિભક્તો સાથે મહારાજ ઉપર મોકલ્યાં. ગઢડામાં કાર્તિકી પૂનમનો સમૈયો કરી, સંવત ૧૮૭૪માં મહારાજ ગોપાળાનંદ સ્વામી અને સંત-હરિભક્તોનો સંઘ લઈ વરતાલ, બોચાસણ થઈને મહી, નર્મદા, તાપી નદી ઊતરીને સુરત થઈ ધર્મપુર પધાર્યા.

**૩. આફ્રિકન અધિકારીઓને લાગ્યું કે તેઓ પૃથ્વી ઉપર કોઈ જુદી માટીના મહામાનવનાં દર્શન કરી રહ્યા છે. (૧૪/૩૩)**

જ. સ્વામીશ્રી જે વિમાનમાં દારેસલામ ગયા હતા તે વિમાનમાં હીરાની દાણચોરી થઈ રહી છે. તેવી ખબર એરપોર્ટના અધિકારીઓને મળતાં સ્વામીશ્રી અને સંતોનો સંપૂર્ણ સામાન ચેક કર્યો પણ કાંઈ ન મળ્યું. સામાન્ય રીતે મુસાફરીમાં રખાતા પંચોતેર જેટલા શિલીંગ પણ સ્વામી કે કોઈ સંતો પાસેથી ન મળતાં આવા મુસાફરો પહેલી જ વાર જોવા મળ્યા. આંતરરાષ્ટ્રીય મુસાફર તરીકે જ નહિ પરંતુ એક વિશ્વવ્યાપી સંસ્થાના અધ્યક્ષ હોવા છતાં સ્વામીશ્રી પાસે પોતાની માલિકીનો એક કાણો પૈસો પણ નથી. એ જાણીને એ અધિકારીઓને લાગ્યું કે તેઓ પૃથ્વી ઉપર કોઈ જુદી માટીના મહામાનવનાં દર્શન કરી રહ્યા છે. ક્ષમા-પ્રાર્થના સાથે સ્વામીશ્રીનાં ચરણોમાં તેઓ ઝૂકી પડ્યા. **અથવા**

૪. ગોરો રિપોર્ટર અંગ્રેજીમાં સ્વામીશ્રીનો ઉત્તર લખવા મંડી પડ્યો. (૯/૨૫)

સને ૧૯૮૦ની વિદેશયાત્રામાં સાઉથ આફ્રિકાના જહોનિસબર્ગમાં સન્ડે ટ્રીબ્યુન (Sunday Tribune)ના અંગ્રેજી પત્રકારે વીસેક મિનિટ સ્વામીશ્રી સાથે વાર્તાલાપ કર્યો. તે સમયે આત્મસ્વરૂપ સ્વામી દુભાષિયા તરીકે સેવા આપતા હતા. તેમાં પત્રકારે કહેલો છેલ્લો પ્રશ્ન 'તમે સ્ત્રીઓને દૂર રાખો છો, તો તેઓ ઉપેક્ષાનો કે ભેદભાવ થઈ રહ્યાનો અનુભવ નથી કરતી ?' તેનું ગુજરાતી થાય તે પહેલાં જ સ્વામીશ્રીએ કહ્યું, 'એને કહો કે હિન્દુસ્તાનમાં પોતે આવીને જુએ ! લાખો સ્ત્રીઓ સ્વામિનારાયણનું ભજન કરે છે. પણ કોઈને એવો ભાવ થતો નથી.' ગોરો રીપોર્ટર પણ અંગ્રેજીમાં ઉત્તર લખવા માંડ્યો. તેણે શું લખ્યું છે તે આત્મસ્વરૂપ સ્વામીએ સાંભળ્યું તો જણાયું કે સ્વામીશ્રીએ જેવો ઉત્તર આપ્યો હતો તેવો જ તેણે લખ્યો. આમ સત્પુરુષને ભાષાનાં બંધન હોતાં નથી. તેઓ ભાષાઓથી પર છે.

**પ્ર.૧૧નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

**☞નોંધ : અહીં કેવળ પ્રસંગોના મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીઓએ તે વિસ્તૃત રીતે લખેલા હોવા જોઈએ.**

૧. **પર્વતભાઈની સંતો સાથે આત્મબુદ્ધિ (૬/૬૦-૬૧)** એક વખત મહારાજ અગતરાઈ પધાર્યા. પર્વતભાઈ મહારાજને અને સૌ સંત-હરિભક્તોને વાડીએ તેડી ગયા. ખેતરમાંથી શેરડીના સારા સારા સાંઠા ગોતી પર્વતભાઈએ સુધારીને મહારાજ આગળ શેરડીના માદળિયા ધર્યા. મહારાજ પ્રેમથી જમવા લાગ્યા. પછી ખોબો ભરીને પર્વતભાઈને મહારાજે શેરડીના માદળિયાં આપ્યાં ત્યારે તેમણે કહ્યું, 'મારે તો નિયમ છે. મારા ઈષ્ટદેવ જમે પછી જમાય.' ત્યારે મહારાજ આશ્ચર્ય સાથે પૂછે છે, 'તમારા ઈષ્ટદેવ વળી કોણ ?' ત્યારે પર્વતભાઈ કહે છે 'મારા ઈષ્ટદેવ તો આ સંતો છે.' આપની ઓળખાણ એમણે કરાવી છે, માટે સંતો જમે પછી મારે જમાય. મહારાજે સંતોને દોઢ વરસથી ખટરસના નિયમો આપ્યા હતા. પર્વતભાઈ અને તેમના ઘરનાંએ પણ એ નિયમ લીધા હતા. આ જાણી મહારાજે રાજી થઈને સંતોને અને પર્વતભાઈને શેરડી જમાડી ખટરસના નિયમ મૂકાવ્યા. **અથવા**

૨. **શિવલાલભાઈને ગુણાતીતાનંદ સ્વામીએ ગાડીમાં બેસાડીને આપેલો ઠપકો. (૭/૬૯)** શિવલાલ શેઠે ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠા અને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા - મોટું કામ કર્યાનો અહંભાવ - તેથી સ્વામીએ કહ્યું 'તારા જીવ સામે જોઉં છું ત્યારે અર્ધો સત્સંગ' - કારણ કુસંગના શબ્દોથી વ્યાવહારિક મોટપ આવી ગઈ અને સ્વામીને વિષે સહેજ - સાધારણ મનુષ્યભાવ - સ્વામીએ અંતર પકડ્યું - આવા સાધુને મૂકીને બીજે સુખ ઇચ્છવું તે કેના જેવું - તો જેમ ગાયનું વાછરું છૂટીને દૂધનું સુખ લેવા ગૌશાળાએ ગયું - પોઠિયા પાસેથી વાછડાને દૂધને બદલે લાતો - પોતાની માતાનું દૂધ પીવા પણ સમર્થ ન રહ્યું - આજ્ઞા-ઉપાસનામાં ભંગ પડશે ત્યારે આવા સાધુ પાસે નહીં બેસાય - આમને આમ બે મહિના સુધી વાતુ કરીશું ત્યારે મોરે ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે. કારણ કે ભગવાનમાં જોડાયેલ જીવને સ્થૂળ ભાવ આવી ગયો હતો. આવા ઠપકાના શબ્દો બે હાથ જોડીને શિવલાલ શેઠ ખૂબ વિનમ્રતાથી સાંભળી રહ્યા. પોતાની ખોટ સમજી ગયા.

૩. **આપણેય હરિના જન છીએ. (૨૨)** સ્વામીશ્રીએ ચાર-પાંચ યુવાનોને બોલાવ્યા ત્યારે દરેકને મનમાં સવાલ થયો કે કોને બોલાવે છે ? ત્યાં ફરીથી સ્વામીશ્રીએ બોલાવ્યા અને કહ્યું 'તમે બધા જ આવો.' કંઈક શરમ અને કંઈક સંકોચ સાથે એ યુવાનો બોલી ઊઠ્યા : 'પણ બાપજી ! અમે તો હરિજન છીએ !' સ્વામીશ્રીએ કરુણાભીના સ્વરે કહ્યું : 'તો અમે પણ હરિના જન છીએ.... નજીક આવો ને !' દોડતાં એ યુવાનો સ્વામીશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રીએ તેમનાં મસ્તક ઉપર પ્રેમાળ અભય હસ્ત ફેરવ્યો. દરેકના રોમેરોમમાં આનંદ છવાઈ ગયો. 'ભાઈ ! હરિના જન તો સૌને થવાનું છે. કાંઈ વ્યસન છે ? જીવન શુદ્ધ કરજો. વ્યસન હોય તો છોડજો. વ્યસન વગરનું પવિત્ર જીવન કરજો. લ્યો, આશીર્વાદ છે..' જીવન પરિવર્તનની આ અનાયાસ દીક્ષાએ તેમને કૃતાર્થ કરી દીધા. સારંગપુર ગામના એ હરિજનોને માટે આ દિવ્ય અનુભવ હતો - કોઈ સંતનો નહિ, પણ સંતમાં રહેલા સાક્ષાત્ ભગવંતનો... અને એ નંખાઈ ગયેલા ચહેરાઓ ઉપર તેજ ઝળકી ઊઠ્યું, લઘુતાગ્રંથિ ઓગળી ગઈ, આનંદની લહેર ઊઠી, હૈયે પેલો સ્વર ઘુંટાવા લાગ્યો. 'આપણેય હરિના જન છીએ, ગૌરવવંતા છીએ, મૂઠી ઊંચેરા છીએ..' **અથવા**

૪. **બાળકના દુઃખમાં ભાગીદાર (૩૯)** વલસાડના સાગર ખેડુ શાંતિલાલનો પ્રશાંત અકસ્માતમાં ઘવાયો હતો. તેને સુરતની મહાવીર જનરલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. એ સમયે સ્વામીશ્રી સુરત આવ્યા. એક સવારે અચાનક જ તે બાળકને મળવા જવાની સ્વામીશ્રીએ ઇચ્છા દર્શાવી. હોસ્પિટલના રસ્તે ખોદકામ થયું હોવાથી મોટર જઈ શકે તેમ ન હતી, તો સ્વામીશ્રી ચાલીને આઈ.સી.યુ. માં દાખલ કરેલા બાળક પાસે પહોંચ્યા. ગાઢ તંદ્રામાં પડેલા બાળકના આખા શરીરે મૃદુ પ્રેમાળ હાથ ફેરવીને બાળક તેમનો સ્વર સાંભળી રહ્યો હોય તેવી શ્રદ્ધા સાથે પ્રશાંતને જય સ્વામિનારાયણ કહ્યાં. ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવ્યો. પિતા શાંતિલાલને આશ્વાસન આપ્યું. મદદ માટે તમામ બાંહેધરી આપીને એક સ્વજન કરતાંય વિશેષ મમતા દાખવી. એક નિર્દોષ અબુધ અને ગરીબ બાળકના દુઃખમાં ભાગ લીધાના સંતોષ સાથે ૮૦ વર્ષની ઉંમરે ફરીથી અઢી ફૂટના ખાડાઓ સેવકોના સહારે ધ્રૂજતા ધ્રૂજતા ઓળંગીને સ્વામીશ્રી પા એક કી.મી. અંતર કાપીને મોટર સુધી પહોંચ્યા.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વડોદરામાં સભામાં જતાં મુક્તાનંદ સ્વામીએ કયું કીર્તન ગાયું ? (૨/૧૩)

જ. વડોદરામાં સભામાં જતાં મુક્તાનંદ સ્વામીએ 'વા'લા રુમઝુમ કરતા કાન...' કીર્તન ગાયું.

૨. કચ્છ જતી વખતે લાલજીએ સાથે શું લીધું ? (૩/૩૧)

જ. કચ્છ જતી વખતે લાલજીએ ભાતું, પાણી અને નાણું સાથે લીધું.

૩. ખુશાલ ભક્તને નભોઈ ગામમાં મહારાજના કયા પરમહંસનો યોગ થયો ? (૧/૩)

જ. ખુશાલ ભક્તને નભોઈ ગામમાં મહારાજના પરમહંસ સર્વેશ્વરાનંદજીનો યોગ થયો.

૪. આસ્ટન શહેરના વિલ્કિન્સનને શાનું આશ્ચર્ય થયું ? (૨૯)

જ. સ્વામીશ્રી બગીમાં બેઠાં અને તરત જ મદોન્મત બનેલો રેસનો ઘોડો શાંત થઈ જતાં આસ્ટન શહેરના વિલ્કિન્સનને આશ્ચર્ય થયું.

૫. કયા બે ગામોનું ૨૦૦ વર્ષનું વેર શમ્યું ? (૫૦)

જ. કૂકડ અને ઓદરકા ગામોનું ૨૦૦ વર્ષનું વેર શમ્યું.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨, ૩ (૩/૨૯)    ૨. ૨, ૩ (૪/૪૧)    ૩. ૩, ૪ (૪૮, ૪૪)    ૪. ૧, ૩ (૧૦)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : નિબંધ એ મૌલિક વિષય છે, તેમાં આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે. પરીક્ષાર્થીએ વિષયને અનુરૂપ આ ઉપરાંત પણ બીજા પ્રસંગો લખ્યા હોય તો તે પણ માન્ય રાખી ગુણ આપવાં.**

૧. **'નિષ્ઠા એકની, આદર સૌને' (Follow One, Hate None) : (૧)** ઉપરોક્ત શીર્ષકનો અર્થ : એકની નિષ્ઠા કરો, આદર સૌનો કરો. **(૨)** (અક્ષરપુરુષોત્તમનો) આ સિદ્ધાંત શ્રીજીમહારાજ પ્રબોધિત ઉપાસનામાં મૂર્તિમાન બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે પણ આ સિદ્ધાંત પર BAPSના પાયા નાખ્યા. આ સિદ્ધાંતને મૂર્તિમાન કરવા માટે, સાકાર કરવા માટે અનેક કષ્ટોનો સામનો. (પ્રસંગો) **(૩) Follow One** એકને જ અનુસરો. શ્રીજીમહારાજ દ્વારા, વચનામૃત, શિક્ષાપત્રી તેમજ અન્ય ગ્રંથોમાં આ સિદ્ધાંતનું અનુસરણ કરવાનો ઉપદેશ. સ્વરૂપનિષ્ઠા જ મુખ્ય ધ્યેય. ભગવાનનું સ્વરૂપ ઓળખવું - સંતનું સ્વરૂપ ઓળખવું - પોતાનું સ્વરૂપ ઓળખવું. ગ.મ. ૧૬, વચ.અં. ૧૬, ગ.અં. ૩૮, પં. ૭ અનેક વચનામૃતોમાં આ ઉપદેશની દૃઢતા શ્રીજીમહારાજ કરાવે છે. શિક્ષાપત્રીના શ્લોકોમાં પણ ઉપાસનાની વાત - મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પણ સ્વરૂપનિષ્ઠાની દૃઢતાની વાત - એક જ ઈષ્ટદેવ અને એક જ ગુરુ - પતિવ્રતાની ભક્તિ - આપણા ઈષ્ટદેવ શ્રીજીમહારાજ - સંત તુલસીદાસ તેમજ હનુમાનજીની પતિવ્રતાની ભક્તિ - પતિવ્રતાની ભક્તિને લગતાં કીર્તનો - સ્વામીની વાતો વચનામૃતનાં બિંદુઓ લખી શકાય. **(૪)** પતિવ્રતા સ્ત્રીનું વર્તન - એક પતિની જ સેવા કરે, શુશ્રુષા કરે. બીજા સંબંધીની સેવા તે પતિના સંબંધી માનીને કરે પણ પતિને પોતાનું સર્વસ્વ સમર્પણ - સાચો હરિભક્ત એક જ ઈષ્ટદેવને સમર્પિત થઈ જાય. તેથી જ કહ્યું કે ફોલો વન. એકને જ અનુસરો અર્થાત્ એકની જ ઉપાસના કરો. ગુણાતીત ગુરુપરંપરાના ઉપદેશના પ્રસંગો. **(૫) Hate None:** એટલે કે કોઈ પ્રત્યે તિરસ્કાર જ નહિ. દરેકનો આદર - ભગવાનના અવતારોનો આદર. પરોક્ષના અવતારોના ભક્તોનો, સંતોનો આદર. કોઈ પ્રત્યે તિરસ્કાર નહિ. શિક્ષાપત્રીમાં પણ કોઈ દેવની નિંદા ન કરવી તેમ શ્રીજીમહારાજ કહે છે. પ્રેમાનંદ સ્વામી રચિત સાયપ્રાર્થનામાં નિત્ય ગવાય છે 'નિંદત નહિ કોઈ દેવકું' ભગવાનના દરેક અવતાર પૂજનીય છે, વંદનીય છે. તમામ સંતો, ભક્તો, દેવો વગેરે પૂજનીય છે. આ અંગે ગુરુપરંપરાના ઉપદેશના પ્રસંગો વગેરે લખી શકાય. **(૬)** શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છતાં પણ અન્ય અવતારોની મંદિરોમાં સ્થાપના - પોતે પણ અન્ય અવતારો, દેવોને પૂજતા અને આદર કરતા. આમ, આપણા ઈષ્ટદેવની ગુરુપરંપરાની અનુવૃત્તિ સાચવી. આપણે પણ 'નિષ્ઠા એકની, આદર સૌને' ના સિદ્ધાંતને અનુસરીને રાજીપો પ્રાપ્ત કરી લેવો. - ઉપસંહાર.

૨. **સત્સંગમાં સૂર્યાસ્ત - મનુષ્યભાવ : (૧)** મનુષ્યભાવ એટલે ભગવાન અને સંત એ મનુષ્ય જેવા છે છતાં પણ મનુષ્ય નથી. તેથી તેમનામાં મનુષ્યપણાનો ભાવ લાવવો તે મનુષ્યભાવ છે. **(૨)** ભગવાન મનુષ્ય જેવા શા માટે થાય છે ? ભગવાન પોતાના ભક્તોને લાડ લડાવવા માટે મનુષ્યદેહ ધરે છે. ભક્તોના સંકલ્પો પૂરા કરવા માટે મનુષ્ય દેહ - વચનામૃત, સ્વામીની વાતો તથા અન્ય શાસ્ત્રો, કીર્તનોનાં પ્રમાણો પ્રસંગો લખી શકાય. **(૩)** જે ભગવાન મનુષ્ય દેહ ન ધરે અને પ્રાણી અથવા પશુ-પક્ષી રૂપે દેહ ધરે તો મનુષ્યને ભક્તને સમાસ ન થાય. સજાતીમાં હેત થાય તે ન્યાયે ભગવાનનું મનુષ્ય દેહનું ધારણ કરવું. શ્રીરામચંદ્ર ભગવાન, શ્રીકૃષ્ણ ભગવાને મનુષ્ય દેહ ધારણ કરીને મનુષ્ય સાથે ઓતપ્રોત થઈ ગયા. (ભક્તોના પ્રસંગો લખી શકાય) **(૪)** શ્રીજીમહારાજનું આ પૃથ્વી પર મનુષ્ય દેહ ધરીને આવવું. ભક્તોના કોડ પૂરા કરી લાડ લડાવી અંતે અક્ષરધામમાં પોતાની સમીપે બેસાડવા માટેનો સંકલ્પ. અનેક જગ્યાએ મહારાજે આ વાત કરી છે તેનાં પ્રમાણો આપવાં, પ્રસંગો લખવા. જેના જેના કોડ પૂરા

કર્યા, ભક્તોને લાડ લડાવ્યા તે પ્રસંગો લખી શકાય. (૫) ભગવાન મનુષ્ય દેહ ધારણ કરે છે છતાં દિવ્ય - ભગવાનની મૂર્તિ સાકરનું નાળિયેર - ભગવાનની દરેક ક્રિયા દિવ્ય મોહ પમાડે તેવા ચરિત્રોમાં ભક્તોને મનુષ્યભાવ ન આવે. દિવ્યભાવ જ રહે પરંતુ ભક્તોને સ્વરૂપનિષ્ઠા પાકી ન થઈ હોય તો મનુષ્યભાવ આવે અને સત્સંગમાંથી પડી જાય. ભગવાન થઈને આમ શું કરતા હશે ? તે મનુષ્યભાવ. મનુષ્યભાવ આવવાથી અનેક ભક્તો આશરો દૃઢ ન હોવાથી સત્સંગમાંથી પડી ગયાના પ્રસંગો લખી શકાય. સત્સંગમાંથી પડી જવું એટલે મરણ જ ગણાય. સત્સંગમાં સૂર્યાસ્ત એટલે કે જેમ સૂર્યનો અસ્ત સંધ્યાકાળે થાય તેમ ભગવાનમાં મનુષ્યભાવ આવવાથી તે ભક્તનો સૂર્ય અસ્ત થઈ જાય. એકાંતિક ભક્તને દેહે કરીને મરણ એ મરણ નથી પણ ભગવાનમાં મનુષ્યભાવ આવે તે મરણ એટલે કે સત્સંગમાં સૂર્યાસ્ત એટલે કે સત્સંગમાંથી વિમુખ એટલે મરણ બરાબર. (૬) ભગવાનની જેમ પરમ એકાંતિક સંતમાં પણ મનુષ્યભાવ ન લાવવો. મનુષ્યભાવ પરઠવાથી જીવને ઘણી ખોટ જાય. વચનામૃત, સ્વામીની વાતો, અન્ય શાસ્ત્રોના પ્રમાણો પ્રસંગો લખી શકાય. - ઉપસંહાર.

૩. **યુવાશક્તિના પ્રેરક : પ્રમુખસ્વામી મહારાજ :** (૧) એક સુંદર મજાનું દૃશ્ય - ફૂટડા અને તરવરિયા નવયુવાનો ૯૧ વર્ષની વ્યક્તિના તાલે ઝૂમે છે. તેના બોલે ડોલે છે. અરે ! તેના વચને કુરબાન થવાનો થનગનાટ - તેના નયન કટાક્ષને ઝીલવાની અધીરાઈ. આવા તો એક બે નહિ હજારો યુવાનો છે. પ્રશ્ન થાય કે ૯૧ વર્ષની એ વ્યક્તિ કોણ છે ? સીધું સાદું વ્યક્તિત્વ પરંતુ દિવ્ય વ્યક્તિત્વ. જે હજારો યુવાનોને ઘેલા કરી દેવાની ક્ષમતા - આ એક ચમત્કાર - જાદુ - આ વ્યક્તિ તે બીજું કોઈ નહિ પણ વિશ્વવંદનીય વિભૂતિ - ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ. નિઃસ્વાર્થ પ્રેમનો તેમના અંતરમાંથી આવતો નિર્મળ સ્ત્રોત. સ્વામીશ્રી નિર્મળ આંખોમાંથી આ સ્ત્રોત વરસાવે ત્યારે યુવાનો પાગલ બની જાય - યુવાનોના રૂંવે રૂંવે વસંતનું મહોરી ઊઠવું - યુવાશક્તિ સ્વામીશ્રીની અપેક્ષાઓનો અંબાર - અનેક મહાન કાર્યોનાં બીજની યુવાનોના સ્નેહભર્યા સંપર્કો દ્વારા વાવણી. સ્વામીશ્રીએ યુવાનોને પોતાનું સર્વસ્વ આપ્યું છે - તો સામે પક્ષે યુવાનો પણ સ્વામીશ્રી માટે સમર્પિત થઈ ગયા છે. (પ્રસંગો લખી શકાય) (૨) પારિવારિક આદર્શના માર્ગદર્શક : જીવન એક ગણિત - તેથી સફળ જીવન જીવી જવાનો કોઈ ટૂંકો માર્ગ અશક્ય - જવાબદારીની ભીંસ - અનેક પ્રકારના સંઘર્ષોના ભારણ વચ્ચે યુવાનોની મૂંઝવણ - ટૂંકો માર્ગ શોધવામાં નિરાશા - વ્યસનોનો આશરો - તેથી પાયમાલીના કિનારે પહોંચવું - આવા ત્રસ્ત યુવાનોની સ્વપ્ન દુનિયામાં રાચે - વ્યવહારુ માર્ગ છોડે ત્યારે સ્વામીશ્રી દ્વારા વાસ્તવિક ભૂમિ પર ઉતરાણ - મા-બાપને બતાવી આપવા માટે દારૂ તેમજ અવળે માર્ગે જવાનો નિર્ણય કરનાર યુવાનને સમજણ આપી તેના ધગધગતા આત્માને સ્વામીશ્રીએ ઠાર્યો તે (પ્રસંગ લખવો) શિક્ષણ જગત અને સંસ્કાર જગતમાં ફેલાયેલી અંધાધૂધી માટેનો એકમાત્ર આશાનું કિરણ - આશારૂપી સૂર્ય - સંસ્કારના દીવડાનું તેમના દ્વારા પ્રાગટ્ય - આઈ.એ.એસ.ની પરીક્ષા આપનાર યુવકની પારિવારિક આર્થિક સંજોગોની વિગત મેળવીને તેનો શિક્ષણ માર્ગ નિર્વિઘ્ન કર્યો. હજારો યુવાનોના આંસુ લૂછનાર સુહૃદ મિત્ર, માર્ગદર્શક. (૩) નૈતિકતાના પ્રેરણાસ્ત્રોત : આજે માનવીની માનવતાનું ધોવાણ - પ્રતિષ્ઠાનું પ્રાધાન્ય - તેથી નૈતિકતા અભરાઈ પર - સ્વામીશ્રી દ્વારા યુવાનોનો નવો જન્મ - નૈતિકતાને બહાર લાવવાનું, ઉદ્ધારવાનું અભિયાન - હજારો યુવાનોને નૈતિકતાના અલંકારોથી વિભૂષિત કરવાની ભાગીરથીના સ્વામીશ્રી ભગીરથ - વલ્લભવિદ્યાનગરની એક કોલેજના યુવકોને મર્યાદા, શિસ્ત, સંસ્કૃતિ સચવાય તેવા કાર્યક્રમો કરવાનો હિતોપદેશ - સ્વામીશ્રીની વાણી અને આંખોમાં આ અભિયાન પરત્વેની સચ્ચાઈ. (૪) સામાજિકતાની સમજણ : સમાજ સેવાનો આદર્શ છોડીને તેથી વિપરીત માર્ગે યુવાનો - હડતાલો, આંદોલનો, કોલેજ તેમજ જાહેર મિલકતોને નુકસાન દ્વારા પોતાની જ અધોગતિને નિમંત્રણ. સામે પક્ષે એવા પણ યુવાનો જે કોઈપણ કુદરતી આફત વખતે સમાજની પડખે સેવામાં - ભૂકંપ, સુનામી, વાવાઝોડું, રેલસંકટ, રોગચાળો, દુષ્કાળ વગેરેમાં સ્વામીશ્રીના આદેશથી - ઘસાઈને ઉજળા થવાનો થનગનાટ - સમાજની મદદે દોડી જવા તત્પર. (૫) આધ્યાત્મિકતાનો આદર્શ આપનાર : આધ્યાત્મિકતા અને યુવાનો વચ્ચે સ્વામીશ્રી સેતુસમાન - નૈતિકતા, સંસ્કારિતા વગેરે ગુણાનો સાથે આધ્યાત્મિકતાનો ગુણ વિશેષતાથી મહોરી ઊઠે છે. સંપ્રદાયની શિસ્ત, સાંસ્કૃતિક પરંપરા, ઈષ્ટદેવની આજ્ઞા તેમજ પ્રગટ ગુરુહરિની આજ્ઞા મુજબનું જીવન યુવાનો જીવી રહ્યા છે - જાતે ચાંદલો કરી આપે - સંવેદનાથી યુવકોના પ્રશ્નો સાંભળે - મૈત્રીનો હાથ લંબાવે - અસંખ્ય યુવાનોને સ્વામીશ્રી ચાહે છે. એક જનની, એક પિતા, મિત્ર તેમજ ગુરુ બનીને યુવાનોને ચાહ્યા છે. મહારાજે સુરાખાચરને જતિ કહ્યા તેવા હજારો યુવાનોની 'જતિ'ની સ્વામીશ્રી દ્વારા ભેટ - યુવાનોની વૃત્તિઓ પર સંયમનો બંધ સ્વામીશ્રી દ્વારા - પરીક્ષામાં સુપરવાઈઝર કહે છતાં ચોરી ન કરનાર યુવાનો - કળિયુગમાં સતયુગના બીજ વાવ્યાં છે આપણા ગુરુહરિએ - હજારો નચિકેતાની ભેટ - રૂપિયાની લાંચને ઠોકરે મારનાર - સોનાની લકી પાછી આપનાર - નિયમોને સારધાર પાળનાર - યુવાનોએ ધર્મમાં ક્યારેય બાંધછોડ કરી નથી. - પાશ્ચાત્ય વાયરાને ભક્તિના તાલમાં ફેરવનારા યુવાનો માયાને પણ લાગમાં આવવા પડકાર કરનાર યુવાનો સ્વામીશ્રીના સિંહ સંતાનો. સ્વામીશ્રી તેમના પર કેમ વારી ન જાય ? કેમ અઢળક ન ઢળે ? ઢળે જ. (૬) ઉપસંહાર : આવા યુવાનો આવા પ્રાણ પ્યારા ગુરુ પર સમર્પિત કેમ ન થાય ? આધ્યાત્મિકતાના ઉચ્ચ શિખરે, સંસ્કારોના ઉચ્ચ શિખરે બિરાજતા ગુરુહરિ પોતાના માનસપુત્રોને આંગળી પકડીને પોતાની સમકક્ષ બનાવવા માટે કટિબદ્ધ છે.

❑ ❑ ❑